સતત નરમ આર્થિક પર્યાવરણ અને મોટી જિયોપોલીટિકલ અનિશ્ચિતતાઓએ સ્પેસિયાલિટી કેમિકલ્સ કંપની લેક્સેસના ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક પરમણામો પર માઠી અસર પાડી છે. વેચાણ ૧.૩૩૮ અબજ યૂરો થયું છે, જે પાછલા વર્ષના ૧.૫૯૮ અબજ યૂરોથી ૧૬.૩ ટકા ઓછું છે. અપવાદો પહેલાં EBITDA ૧૨૫ મિલિયન યૂરો હતું, જે અગાઉના વર્ષના ૧૭૩ મિલિયન યૂરોના આંકડાની તુલનામાં ૨૭.૭ ટકાનો ઘટાડો છે. આ ઘટાડો મુખ્યત્વે સામાન્ય રીતે નબળી માંગને કારણે હતો, જેના કારણે વેચાણનું પ્રમાણ ઓછું થયું હતું. વધુમાં, ૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યુરેથેન સિસ્ટમ્સ બિઝનેસ યુનિટનું વેચાણ થયુ હતું - જેના પરિણામોને ત્રિમાસિક આંકડામાં શામેલ કરવાની જરૂર નથી - અને પ્રતિકૂળ ચલણ અસરોએ પણ જૂથની કમાણીમાં ઘટાડામાં યોગદાન આપ્યું છે.

ત્રીજા ક્વાર્ટર માટે અપવાદરૂપ ચીજો પહેલાની EBITDAનો માર્જિન ૯.૩ ટકા હતો, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧૦.૮ ટકા હતો.

“વૈશ્વિક માંગમાં સતત નબળાઈ અમારા સહિત સમગ્ર રાસાયણિક ઉદ્યોગને અસર કરી રહી છે. બાંધકામ, ઓટોમોટિવ અને કૃષિ રસાયણોના અમારા ટાર્ગેટ ઉદ્યોગોમાં પરિસ્થિતિ ખાસ કરીને નાટકીય છે. હાલમાં અમને દૂર દૂર સુધી કોઈ આશા દેખાતી નથી અને આ પરિસ્થિતિ આગામી વર્ષ સુધી ચાલુ રહેવાની અપેક્ષા છે,” એમ લેક્સેસના સીઈઓCEO મેથિયાસ ઝાચેર્ટએ જણાવ્યું હતું. “તેથી અમે અમારી બધી જ શક્તિ અમે શું પ્રભાવિત કરી શકીએ છીએ તેના પર કેન્દ્રિત કરવાનું ચાલુ રાખીએ છીએ: જેમાં ખર્ચ ઘટાડવો, પ્રક્રિયાઓ અને માળખાંને સુવ્યવસ્થિત કરવા અને અમારી બજાર સ્થિતિને ઈષ્ટતમ કરવાનો સમાવેશ થાય છે.” તેમ છતાં, રાસાયણિક ઉદ્યોગને રાજકારણીઓ તરફથી વધુ સમર્થનની જરૂર છે. ઝાચેર્ટએ કહ્યું કે: “બર્લિન અને બ્રસેલ્સે આપણી સ્પર્ધાત્મકતાને વધુ ઝડપથી અને નિર્ણાયક રીતે મજબૂત બનાવવી જોઈએ - અન્યથા સમગ્ર મૂલ્ય શ્રૃંખલા પર સંકટ રહેશે.”લેક્સેસએ સંપૂર્ણ ૨૦૨૫ વર્ષ માટે તેનું માર્ગદર્શન સ્પષ્ટ કર્યું છે અને હવે અપેક્ષા રાખે છે કે અપવાદરૂપ ચીજો પૂર્વેની EBITDA ૫૨૦થી ૫૮૦ મિલિયન યૂરોની રેન્જના નીચી રેન્જની આસપાસ રહેશે.

વધુ ખર્ચ ઘટાડાનું આયોજન કરાયું છે

૨૦૨૩માં શરૂ કરાયેલ "FORWARD!" એક્શન પ્લાનને કારણે, લેક્સેસ ૨૦૨૫ના અંત સુધીમાં લગભગ ૧૫૦ મિલિયન યૂરોની કાયમી વાર્ષિક બચત પ્રાપ્ત કરશે. આ વર્ષના ઓગસ્ટમાં, LANXESSએ તેના ઉત્પાદન નેટવર્કમાં વધારાની ઈષ્ટતમતાની જાહેરાત કરી હતી. આનાથી ૨૦૨૭ના અંત સુધીમાં લગભગ ૫૦ મિલિયન યૂરોની કાયમી વાર્ષિક બચત થવાની અપેક્ષા છે. વધુમાં, કંપની હવે લગભગ ૧૦૦ મિલિયન યૂરોની બચત ક્ષમતા સાથે વધુ પગલાં શરૂ કરી રહી છે. વિગતો હાલમાં તૈયાર કરવામાં આવી રહી છે અને ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં સ્પષ્ટ કરવામાં આવશે.

તણાવભરી માર્કેટ સ્થિતિ હોવા છતાં ચોખ્ખુ નાણાંકીય ઋણ સ્થિર રહ્યું

ચુસ્ત રોકડ વ્યવસ્થાપનને કારણે લેક્સેસ તેની ચોખ્ખી નાણાકીય જવાબદારીઓ સ્થિર રાખવામાં સક્ષમ રહી હતી. ત્રીજા ક્વાર્ટરના અંતે, તે રકમ ૨.૦૭૨ અબજ યૂરો હતી, જે બીજા ક્વાર્ટરના અંતે ૨.૦૬૯ અબજ ડોલરના સ્તરે હતી.

# ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સે નાણાકીય વર્ષ ૨૬ના પ્રથમ અર્ધવાર્ષિકમાં ૬૧% વાર્ષિક વૃદ્ધિ સાથે ₹૩૯.૩૩ કરોડ EBITDA નોંધાવ્યો

● મુંબઈ, તા.૧૪

ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ (BSE – FREDUN | ૫૩૯૭૩૦), ભારતમાં અગ્રણી ફાર્માસ્યુટિકલ્સ ફોર્મ્યુલેશન મેન્યુફેક્ચરિંગ કંપનીઓ પૈકીની એક છે. જેનેરિક્સ, કોસ્મેટિક્સ, ન્યુટ્રાસ્યુટિકલ્સ, મોબિલિટી અને એનિમલ હેલ્થકેર પ્રોડક્ટ્સમાં વૈવિધ્ય ધરાવતી આ કંપનીએ નાણાકીય વર્ષ ૨૬ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય અહેવાલો આપ્યા છે.

મુખ્ય નાણાકીય વિશેષતાઓ

Q2 FY26ની સ્ટેન્ડઅલોન નાણાકીય વિશેષતાઓ

કુલ આવક ₹૧૪૫.૨૯ કરોડ, વાર્ષિક ધોરણે ૩૫.૩૪%ની વૃદ્ધિ

EBITDA ₹૨૨.૩૪ કરોડ, વાર્ષિક ધોરણે ૬૦.૦૯%ની વૃદ્ધિ

EBITDA માર્જિન (%) ૧૫.૩૭%, વાર્ષિક ધોરણે ૨૩૮ બીપીએસની વૃદ્ધિ

ચોખ્ખો નફો ₹૯.૭૩ કરોડ, વાર્ષિક ધોરણે ૧૨૭.૭૫%ની વૃદ્ધિ

ચોખ્ખા નફા માર્જિન (%) ૬.૭૦%, વાર્ષિક ધોરણે ૨૭૨ બીપીએસની વૃદ્ધિ

શેર દીઠ કમાણી ₹૨૦.૬૧, વાર્ષિક ધોરણે ૧૨૭.૭૩%ની વૃદ્ધિ

H1 FY26ની સ્ટેન્ડઅલોન નાણાકીય વિશેષતાઓ

કુલ આવક ₹૨૬૫.૧૫ કરોડ, વાર્ષિક ધોરણે ૪૨.૪૩%ની વૃદ્ધિ

EBITDA ₹૩૯.૩૩ કરોડ, વાર્ષિક ધોરણે ૬૦.૯૮%ની વૃદ્ધિ

EBITDA માર્જિન ૧૪.૮૩%, વાર્ષિક ધોરણે ૧૭૧ બીપીએસની વૃદ્ધિ

ચોખ્ખો નફો ₹૧૬.૫૦ કરોડ, વાર્ષિક ધોરણે ૯૬.૩૩%ની વૃદ્ધિ

ચોખ્ખા નફા માર્જિન (%) ૬.૨૨%, વાર્ષિક ધોરણે ૧૭૧ બીપીએસની વૃદ્ધિ

શેર દીઠ કમાણી ₹૩૪.૯૪, વાર્ષિક ધોરણે ૯૬.૨૯%ની વૃદ્ધિ

# સિગ્નિફાય દ્વારા અમદાવાદમાં ફિલિપ્સ સ્માર્ટ લાઇટ હબનું ઉદ્ઘાટન

● અમદાવદા, તા.૧૪

સમગ્ર ભારતમાં ગ્રાહકો સુધી પહોંચવા માટે, વિશ્વની અગ્રણી લાઈટિંગ કંપની સિગ્નિફાય (યુરોનેક્સ્ટ: લાઈટ) એ અમદાવાદ, ગુજરાતમાં ફિલિપ્સ સ્માર્ટ લાઈટ હબ (એસએલએચ) ના લોન્ચની જાહેરાત કરી છે. લગભગ ૨,૫૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું આ હબ પશ્ચિમ ક્ષેત્રમાં આવેલાં સૌથી મોટા ફિલિપ્સ સ્માર્ટ લાઈટ હબ્સમાંનું એક છે. સ્ટોરમાં ૩૮૦થી વધુ જીદ્ધેં નું વિશાળ કલેક્શન ઉપલબ્ધ છે, જે ગ્રાહકોને સંપૂર્ણ અને અનોખો શોપિંગ અનુભવ પૂરો પાડે છે. ૨૫૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો આ એક અનોખો અનુભવ સ્ટોર, જે ૩૮૦ થી વધુ જીદ્ધેંજ ની નવીન હોમ લાઈટિંગ પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણી ઓફર કરે છે.સ્ટોર લૉન્ચ પર ટિપ્પણી કરતા, સિગ્નીફાય ગ્રેટર ઈન્ડિયાના કન્ઝ્યુમર બિઝનેસના વડા સી અરુણ કુમારે જણાવ્યું હતું કે, ×અમદાવાદમાં અમારા નવીનતમ ફિલિપ્સ સ્માર્ટ લાઈટ હબનું લોન્ચિંગ સમગ્ર ભારતમાં ગ્રાહકો માટે નવીન, ઉર્જા-કાર્યક્ષમ લાઈટિંગ સોલ્યુશન્સને વધુ સુલભ બનાવવાની અમારી સફરમાં વધુ એક મહત્વપૂર્ણ પગલું છે. અમદાવાદ અમારા માટે એક મુખ્ય બજાર રહ્યું છે, જ્યાં ગ્રાહકો તેમના રહેવાની જગ્યાઓમાં કાર્યક્ષમતા અને ડિઝાઈન બંનેની પ્રશંસા કરે છે. આ નવા હબ દ્વારા, અમે એક ઈમર્સિવ અનુભવ પ્રદાન કરવાનો ઉદ્દેશ્ય રાખીએ છીએ જે ગ્રાહકોને સ્માર્ટ અને સુશોભન લાઈટિંગની પરિવર્તનશીલ સંભાવનાને ખરેખર અન્વેષણ અને અનુભવ કરવા સક્ષમ બનાવે છે. આ સીમાચિહ્નરૂપ ઘરોને અત્યાધુનિક ઉત્પાદનોથી સમૃદ્ધ બનાવવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે જે ઈર્મેંસ્રિરીંન્દ્રિજમીૅઉિઝિંદ્ધ ના અમારા વિઝનને પ્રતિબિંબિત કરે છે.×અમદાવાદમાં સ્થિત આ સ્ટોરનું અદ્યતન આર્કિટેક્ચર ખાસ વિચારપૂર્વક ડિઝાઈન કરવામાં આવ્યું છે, જેથી ડાર્ક રૂમ અનુભવ સર્જી શકાય, જ્યાં ગ્રાહકો ઘર માટેની નવીનતમ લાઈટિંગ ટેક્નોલોજીનો સ્વાનુભવ લઈ શકે. આ લૅન્ડમાર્ક સ્ટોરનું મુખ્ય ધ્યેય ઘરમાલિકો, ઈન્ટીરિયર ડિઝાઈનર્સ અને આર્કિટેક્ટ્સને અદ્વિતીય હોમ લાઈટિંગ અનુભવ પૂરો પાડવાનું છે. સ્ટોરમાં ડેકોરેટિવ લાઈટિંગ, ફંક્શનલ ફિક્ચર્સ અને સ્માર્ટ લાઈટિંગ સોલ્યુશન્સની પસંદગીપૂર્વક તૈયાર કરાયેલ રેન્જ રજૂ કરવામાં આવી છે, જે ગ્રાહકોને લાઈટિંગ ટેક્નોલોજીના નવીનતમ ઈનોવેશનની શોધ કરવાની તક આપે છે.આ સ્ટોર ગ્રાહકોની ઘરની લાઈટિંગ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેમાં ઝુમ્મર, દિવાલ લાઈટ, ફ્લોર લેમ્પ અને ટ્રેક લાઈટ જેવી સુશોભન લાઈટથી લઈને મોડ્યુલર ઝ્મ, ડાઉનલાઈટર્સ, મેગ્નેટિક ટ્રેક, પેનલ્સ અને સ્પોટ્સ જેવી કાર્યાત્મક લાઈટ્સનો સમાવેશ થાય છે. સ્ટોરમાં ઉંઢ, અમારા સ્માર્ટ લાઈટિંગ સોલ્યુશન્સ અને સ્માર્ટ સેવાઓ પણ છે જે ગ્રાહકોને કનેક્ટેડ લાઈટિંગ પ્રદાન કરે છે, જેથી તેઓ તેમના રોજિંદા ક્ષણોનો વધુ આરામ અને સરળતા સાથે આનંદ માણી શકે. વધુમાં, સ્ટોરમાં ઈકોલિંક મ્ઢ્રઝ ફેન રેન્જ અને ફિલિપ્સ ઈલુમિનએર ર્નઈઢ લાઈટનો પંખા સાથેનો વિશિષ્ટ પ્રદર્શન છે, જે આધુનિક ઘરો માટે ઊર્જા-કાર્યક્ષમ અને સ્ટાઈલિશ વિકલ્પો પ્રદાન કરે છે.

ફિલિપ્સ સ્માર્ટ લાઈટ હબ અમદાવાદના બોદકદેવ રોડ પર આવેલ પંડિત દિનદયાલ ઓડિટોરિયમ નજીક, સન ઓર્બિટ બિલ્ડિંગના પ્રથમ માળે (નં.૧૧૪) સ્થિત છે. આ મહત્વપૂર્ણ પ્રસંગ સ્માર્ટ લાઈટિંગ ટેક્નોલોજીના નવીન ઈનોવેશનનું પ્રદર્શન કરશે અને ઉદ્યોગ ક્ષેત્રમાં સિગ્નિફાયની અગ્રણી અને આગેવાન સ્થિતિને વધુ મજબૂત બનાવશે.

# સતર્ક રહો, સાવધાન રહો : સલામત રીતે ડિજિટલ નાણાકીય વ્યવહારો કરવાની સ્માર્ટ રીતો

● મુંબઇ, તા.૧૪

ભારતની નાણાકીય અને ધિરાણની આર્થિક વ્યવસ્થા સતત બદલાઈ રહી છે તથા ગ્રાહકો જે રીતે નાણાકીય વ્યવહારો કરે છે એ મુજબ તેમાં મોટું પરિવર્તન આવી રહ્યું છે, જેમાં યુપીઆઈ અને કાર્ડ પેમેન્ટથી લઈને ઈ-કૉમર્સ પ્લેટફૉર્મ્સ અને રિટેલ આઉટલેટના વપરાશમાં વધારો સામેલ છે. જ્વેલરી માટે ખરીદી કરવાની વાત હોય, જીવનશૈલીની જરૂરિયાતોને સુધારવાની વાત હોય, પ્રવાસ માટે બુકિંગનો સુવિધાજનક અનુભવ મેળવવાની વાત હોય, કે ઈલેક્ટ્રોનિક ઉપકરણો જોવાની વાત હોય – ગ્રાહકો રિટેલ અને ઈ-કૉર્મસ એમ બંને સ્થાનોમાં શ્રેષ્ઠ ડિલ મેળવવા સતત ઝંખે છે.

તરત નાણાકીય વ્યવહાર કરવાની સુવિધા સાથે ડિજિટિલ-ફર્સ્ટ કે સૌપ્રથમ ડિજિટલ અનુભવો મેળવવા ગ્રાહકોની પસંદગી વધી રહી છે, જે ખર્ચ કરવાનો અભિગમને પણ ઘડે છે. તેમાં મૂલ્યની દ્રષ્ટિએ હજુ પણ ઈ-કૉમર્સનું વર્ચસ્વ જળવાઈ રહ્યું છે, જેણે સપ્ટેમ્બર, ૨૦૨૫માં ક્રેડિટ કાર્ડના કુલ ખર્ચમાં ૬૬.૪ ટકા પ્રદાન કર્યું હતું (સ્રોત: ET BFSI). યુપીઆઈ, ક્રેડિટ કાર્ડ અને ડિજિટલ વૉલેટ જેવી ડિજિટલ પેમેન્ટની પદ્ધતિઓની સ્વીકાર્યતામાં વધારો થવાની સાથે ગ્રાહકો માટે ઓનલાઈન નાણાકીય વ્યવહારો દરમિયાન સતત સતર્ક રહેવું જરૂરી બની ગયું છે. જ્યારે તેઓ વિવિધ ઑફર અને ડિલનો લાભ લે છે, ત્યારે તેમણે સલામત અને સરળ પેમેન્ટનો અનુભવ મેળવવાની સાથે સાવધાની રાખવી જરૂરી છે.

ઈન્ટરનેશનલ ફ્રોડ અવેરનેસ વીક (આંતરરાષ્ટ્રીય ગોટાળા જાગૃતિ સપ્તાહ)ના ભાગરૂપે ભારતની સૌથી મોટી સંપૂર્ણ ક્રેડિટ કાર્ડ કંપની એસબીઆઈ કાર્ડે ગ્રાહકોને તમામ પ્રકારનાં નાણાકીય વ્યવહારોમાં સતર્ક રહેવાની અપીલ કરી છે. કંપનીએ આત્મવિશ્વાસ અને સલામત રીતે ખરીદી કરવા સુરક્ષિત વ્યવહાર કરવા નીચે મુજબ કેટલાંક સૂચનો કર્યા છે.

વિશ્વસનિય પ્લેટફૉમ પરથી જ ખરીદી કરો: અધિકૃત બ્રાન્ડ વેબસાઈટ કે પ્રતિષ્ઠિત માર્કેટપ્લેસ પરથી જ હંમેશા ખરીદી કરો. સોશિયલ મીડિયા કે મેસેજિંગ એપ મારફતે શેર થયેલી બનાવટી વેબસાઈટમાંથી પ્રાપ્ત લિંક કે એટેચમેન્ટ પર ક્લિક કરવાનું ટાળો, જેનાથી તમે અજાણ છો, કારણ કે તેઓ ડિજિટલ છેતરપિંડી કરવા સામાન્ય પ્રવેશદ્વાર છે.

સ્ક્રીન શેરિંગ ગોટાળો અટકાવો: તમારે લેપ્ટોપ, ડેસ્કટોપ અને મોબાઈલ ફોન જેવા ઉપકરણોની સ્ક્રીન અજાણી વ્યક્તિ સાથે શેર ન કરવી જોઈએ. કોઈ પણ થર્ડ-પાર્ટી એપ્લિકેશન અને તમારાં ઉપકરણમાંથી APK ફાઈલો ડાઉનલોડ કરવાનું ટાળો, જે તમારી વ્યક્તિગત અને નાણાકીય માહિતીની પહોંચ તેમને આપી શકે છે, જે કૌભાંડ થવા તરફ દોરી જાય છે.

ડિલ/ઑફરની ખરાઈ કરો: માનવામાં ન આવે એવાં ડિસ્કાઉન્ટ, રિફંડ નોટિફિકેશન અને છેતરપિંડી જેવી ડિલથી સાવચેત રહો, ખાસ કરીને જે ઊંચું મૂલ્ય ધરાવતી ચીજવસ્તુઓ સાથે સંબંધિત હોય છે. પેમેન્ટ કરો એ અગાઉ બ્રાન્ડ સાથે ઑફરની ખરાઈ કરો.

રિવૉર્ડ પોઈન્ટ રીડિમ કરો એ સમયે સાવધાન રહો: લિંક પર ક્લિક કરીને અને અંગત/ક્રેડિટ કાર્ડની વિગતો શેર કરીને રિવૉર્ડ પોઈન્ટ રીડિમ કરવાનું જણાવે એવાં જીસ્જી, ઈ-મેલ, કૉલની અધિકૃતતા ચકાસો.

નાણાકીય વ્યવહારોની એલર્ટ પર નજર રાખો: વાસ્તવિક સમયમાં ખરીદીના ખર્ચ પર નજપર રાખો, જે માટે દરેક વ્યવહાર પર જીસ્જી કે એપ નોટિફિકેશનની સુવિધા ચાલુ કરાવો. તેનાથી તમે કોઈ પણ બિનઅધિકૃત વ્યવહારને તાત્કાલિક જાણકારી મેળવવાને અટકાવવા કામ કરી શકો છો.

ફિશિંગ પ્રયાસથી સાવચેત રહો: ફિશિંગ ઈમેલ, મેસેજ અને કોલથી સાવધ રહો, જેમાં તમારું એકાઉન્ટ સસ્પેન્ડ થયું છે, પોઈન્ટ/ઓફરનો ગાળો પૂર્ણ થાય છે કે ડિલિવરીની બનાવટી અપડેટનો દાવો કરવામાં આવે છે. કસ્ટમર કેરના અધિકૃત પ્રતિનિધિઓ સાથે એકાઉન્ટની વિગતોમાં ફેરફારોની હંમેશા ખરાઈ કરો. સાચી બેંકો અને ક્રેડિટ કાર્ડ ઈશ્યૂઅર કાર્ડધારકો પાસેથી ક્યારેય ગોપનીય વિગતો જેમ કે (OTP, CVV, PIN, પાસવર્ડ, વગેરે) કે મેસેજ માંગતા નથી.

ઉપકરણો અને એપને અપડેટ રાખો : ડિવાઈઝ સોફ્ટવેરની નિયમિત અપડેટ ફરક દૂર કરીને સલામતી વધારે છે. એકથી વધારે રીતે અધિકૃતતાની સુવિધાનો લાભ લો તેમજ તમારો ફોન, બ્રાઉઝર અને પેમેન્ટ એપ્સનું લેટેસ્ટ વર્ઝન સુનિશ્ચિત કરો, જે માલ્વેર સામે સલામતી આપે છે.

# ભારતભરમાં લોકોના જીવનમા પરિવર્તન લાવ્યા બાદ મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે તેની હંગર ફ્રી વર્લ્ડ પહેલને દુનિયાભરમાં વિસ્તારી

● મુંબઈ, તા.૧૪

વિશ્વની પાંચમા ક્રમની સૌથી મોટી જ્વેલરી રિટેલર અને કોર્પોરેટ સામાજિક જવાબદારીને આગળ વધારવામાં ભારતની સૌથી અગ્રણી કંપનીઓમાંની એક મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સે તેની ફ્લેગશિપ હંગર ફ્રી વર્લ્ડ (ભૂખમુક્ત વિશ્વ) પહેલને ઈથોપિયા સુધી વિસ્તારવાની જાહેરાત કરી છે. ભારત તથા ઝામ્બિયામાં તેની પરિવર્તનકારી સફળતાના પગલે આ પહેલ હવે આફ્રિકન ખંડમાં વિકાસના તેના આગામી તબક્કામાં પ્રવેશ કરે છે.

ભારતના કરૂણા અને સામૂહિક પ્રગતિના સિદ્ધાંતોમાં મૂળિયા ધરાવતું, હંગર ફ્રી વર્લ્ડ મોડેલ દર્શાવે છે કે કેવી રીતે એક ભારતીય કંપની સ્થાનિક સ્તરે સફળતા મેળવવાથી માંડીને વૈશ્વિક પ્રભાવ પાડી શકે છે. તેના ચોખ્ખા નફાના ૫ ટકા હિસ્સાનું, જે ભારતમાં ફરજિયાત સીએસઆર ફાળવણીના બેગણા કરતા વધુ છે, સતત રોકાણ કરીને મલાબાર કોર્પોરેટ સામાજિક જવાબદારીના વિસ્તાર અને પ્રમાણિકતાની નવેસરથી વ્યાખ્યા કરવાનું ચાલુ રાખે છે તથા તેના પુરવાર થયેલા ભારત આધારિત માળખાને ભૂખ અને શૈક્ષણિક અસમાનતા સામેના વૈશ્વિક અભિયાનમાં ફેરવે છે.

દુબઈ ગોલ્ડ શૌકમાં મલાબાર ઈન્ટરનેશનલ હબ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં આ જાહેરાત કરવામાં આવી હતી, જ્યાં મલાબાર ગ્રુપના વાઈસ ચેરમેન શ્રી અબ્દુલ સલામ કે.પી.એ દુબઈમાં ઈથોપિયાના કોન્સ્યુલ જનરલ માનનીય અસમેલાશ બકેલેને સત્તાવાર રીતે ઈરાદાપત્ર સોંપ્યો હતો. આ સમારંભમાં મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની મેનેજમેન્ટ ટીમના વરિષ્ઠ સભ્યોએ હાજરી આપી હતી. હંગર ફ્રી વર્લ્ડ પ્રોગ્રામ મલાબાર ગોલ્ડ એન્ડ ડાયમંડ્સની સૌથી પ્રભાવશાળી ESG (Environmental, Social & Governance) પહેલ પૈકીની એક છે. હાલમાં આ કાર્યક્રમ હેઠળ વિશ્વભરના ૧૧૯ સ્થળોએ દરરોજ ૧,૧૫,૦૦૦થી વધુ ભોજન પૂરા પાડવામાં આવે છે. ઝામ્બિયામાં તેની સફળતાને અનુસરીને ઈથોપિયામાં તેનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ઝામ્બિયામાં મે ૨૦૨૪થી ત્રણ શાળાઓમાં ૯,૦૦,૦૦૦થી વધુ ભોજન પીરસવામાં આવ્યા છે.

# એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો આઈપીઓ બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ખુલશે

● અમદાવાદ, તા.૧૪

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસ લિમિટેડ (the "Company") બુધવાર, ૧૯ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ તેના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેર્સ ("Equity Shares") નો આઈપીઓ ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે. એક્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, ૧૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ છે.

ઓફરનો પ્રાઈસ બેન્ડ રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૧૪થી રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૨૦ સુધી નક્કી કરવામાં આવ્યો છે. રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઓછામાં ઓછા ૧૨૫ ઈક્વિટી શેર અને ત્યારબાદ રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ૧૨૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.

# કેનન ભવિષ્ય માટે તૈયાર વર્કસ્પેસ માટે રચાયેલ નેક્સ્ટ-જનરેશન imageFORCE સિરીઝ, કલર અને મોનો મલ્ટી-ફંક્શન ડિવાઇસ રજૂ કરે છે

● નવી દિલ્હી, તા.૧૪

ડિજિટલ ઈમેજિંગ સોલ્યુશન્સમાં અગ્રણી એવી કેનન ઈન્ડિયાએ આજે મલ્ટી-ફંક્શન ડિવાઈસ (MFDs)ની નવીનતમ અને અનોખી શ્રેણી - imageFORCE C5100 કલર સીરીઝ અને 6100 morn સીરીઝ - રજૂ કરવાની ઘોષણા કરી છે. આ સીરીઝ આધુનિક કાર્યસ્થળની સતત બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે બારીકાઈથી ડિઝાઈન કરવામાં આવી છે. MFDsની આ નવી પેઢી સુરક્ષા (Secu®iy), વિશ્વસનીયતા (Reliability), કનેક્ટિવિટી (Connectivity), અને સ્થિરતા (Sustainability) ના ચાર મુખ્ય સ્તંભો પર વધારાની ક્ષમતાઓ સાથે બિઝનેસને ગતિ આપવા' (Make Business Move) માટે પ્રતિબદ્ધ છે. તમારા વર્કફ્લોને સરળ બનાવતી બુદ્ધિશાળી ઓટોમેશનથી લઈને તમારા મૂલ્યવાન ડેટાનું રક્ષણ કરતી અદ્યતન સુરક્ષા સુવિધાઓ સુધી, ઝ૫૧૦૦ કલર સિરીઝ, ૬૧૦૦ મોનો સિરીઝ ધરાવતી imageFORCE સિરીઝ વ્યવસાયોને વધુ કાર્યક્ષમતા પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે શક્તિશાળી અને સાહજિક અનુભવ પ્રદાન કરે છે.

લોન્ચ પર બોલતા, શ્રી તોશિયાકી નોમુરા, પ્રેસિડેન્ટ અને સીઈઓ, કેનન ઈન્ડિયાએ જણાવ્યું "ભારતમાં ઓફિસ ઓટોમેશન પરિવર્તનશીલ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે કારણ કે સંસ્થાઓ આજના ગતિશીલ અને ડિજિટલી સંચાલિત કાર્ય વાતાવરણમાં કાર્યક્ષમતા વધારવા માટે વધુને વધુ સ્માર્ટ, કનેક્ટેડ અને સુરક્ષિત ઉકેલો શોધે છે. કેનન ઈન્ડિયામાં, અમારી પ્રતિબદ્ધતા હંમેશા ગ્રાહકોને એવી ટેક્નોલોજીથી સશક્ત બનાવવાની રહી છે જે માત્ર ઉત્પાદકતા જ નહીં પરંતુ ડેટા સુરક્ષા અને ટકાઉપણાને પણ ચેમ્પિયન બનાવે છે. નવી imageFORCE શ્રેણી આ વિઝનનો પુરાવો છે, જે AI-driven ઈન્ટેલિજન્સથી ભરેલી છે જે યુઝર્સના વર્તણૂકોને સાહજિક રીતે શીખે છે, જરૂરિયાતોની અપેક્ષા રાખે છે અને સેવા પ્રતિભાવને વેગ આપવા માટે સીમલેસ કામગીરી સુનિશ્ચિત કરે છે. આ લોન્ચ સાથે, અમે MFD શ્રેણીમાં અમારી અગ્રણી ભૂમિકાને વધુ મજબૂત બનાવવા, માહિતી ટેકનોલોજી ઈકોસિસ્ટમમાં અમારી સ્થિતિને મજબૂત કરવા અને વ્યવસાયોને તેમની ડિજિટલ પરિવર્તન યાત્રામાં ઉચ્ચ કાર્યક્ષમતા, ચપળતા અને લાંબા ગાળાના મૂલ્યને અનલૉક કરવા સક્ષમ બનાવવા માટે તૈયાર છીએ."

નવી લાઈનઅપ પર પોતાના વિચારો શેર કરતા, શ્રી સી. સુકુમારન, સિનિયર ડિરેક્ટર, પ્રોડક્ટ્સ અને કોમ્યુનિકેશન, કેનન ઈન્ડિયાએ જણાવ્યું હતું કે, "imageFORCE C5100 અને ૬૧૦૦ સીરીઝનું લોન્ચ કેનનની ઈન્ટેલીજન્ટ પ્રિન્ટ સોલ્યુશન્સ બનાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે વ્યવસાયોને વધુ કાર્યક્ષમતા, વિશ્વસનીયતા અને સુરક્ષા સાથે સશક્ત બનાવે છે. અદ્યતન AI-સંચાલિત મેન્ટેનન્સ અને મજબૂત ડેટા સુરક્ષા સાથે, આ ઉપકરણો ન્યૂનતમ ડાઉનટાઈમ સાથે સીમલેસ કામગીરીની ખાતરી આપે છે. આ નવી સીરીઝ આધુનિક સાહસો માટે સુરક્ષિત અને સ્માર્ટ પ્રિન્ટ ટેક્નોલોજીનું આગામી પગલું રજૂ કરે છે."

AI-સહાયિત સ્માર્ટ મેન્ટેનન્સ અને એન્હાન્સ્ડ પ્રિન્ટિંગ ટેક્નોલોજી

imageFORCE શ્રેણીમાં મશીન લર્નિંગ દ્વારા સંચાલિત AI-સહાયિત સ્માર્ટ જાળવણી છે, જે આપણા ક્લાઉડ સિસ્ટમ સાથે કનેક્ટ થયા પછી રીઅલ ટાઈમમાં ઉપકરણ પ્રદર્શન ડેટાનું સતત વિશ્લેષણ કરે છે. યુસેઝ પેટર્ન ઓળખીને અને મુખ્ય ઘટકોના જીવનકાળની આગાહી કરીને, તે સક્રિય સેવાને સક્ષમ કરે છે જે અપટાઈમને મહત્તમ કરે છે. વધુમાં, કેનનની નવીન D² એક્સપોઝર ટેક્નોલોજી વાઈબ્રન્ટ રંગો, તીક્ષ્ણ ટેક્સ્ટ અને પ્રભાવશાળી 4,800 x 2,400dpi રિઝોલ્યુશન સાથે અસાધારણ પ્રિન્ટ ગુણવત્તા પ્રદાન કરવા માટે ઓર્ગેનિક લાઈટ-એમિટિંગ ડાયોડ્સ (OLED) નો ઉપયોગ કરે છે.

સુરક્ષા સૌથી આગળ

આજના ડિજિટલ યુગમાં સુરક્ષા પહેલાં કરતાં વધુ મહત્વપૂર્ણ છે. imageFORCE સીરીઝ સંવેદનશીલ ડેટાને સુરક્ષિત રાખવા અને અનધિકૃત ઍક્સેસને રોકવા માટે અદ્યતન સુરક્ષા સાથે બનાવવામાં આવી છે. તે માલવેર પ્રોટેક્શન, એક્ટિવિટી લોગ્સ, અને રિયલ-ટાઈમ ખતરાની તપાસ માટે SIEM કમ્પેટિબિલિટી જેવી સુવિધાઓ ધરાવે છે. આ ઉપરાંત, તે ગોપનીય માહિતીને સુરક્ષિત રાખવામાં મદદ કરવા માટે સિક્યોર પ્રિન્ટ વિકલ્પો અને યુઝર ઓથેન્ટિકેશન જેવા સુરક્ષા પગલાં પણ પ્રદાન કરે છે.

આધુનિક કાર્યસ્થળ માટે સીમલેસ કનેક્ટિવિટી

imageFORCE શ્રેણી સીમલેસ કનેક્ટિવિટી માટે બનાવવામાં આવી છે, જે વ્યવસાયોને હાલના વર્કફ્લો સાથે સરળતાથી સંકલિત થવા અને વધુ અસરકારક રીતે સહયોગ કરવા સક્ષમ બનાવે છે. MFDs ક્લાઉડ સેવાઓની વિશાળ શ્રેણીને સપોર્ટ કરે છે, જે વપરાશકર્તાઓને સરળતાથી ક્લાઉડમાંથી પ્રિન્ટ અને સ્કેન કરવાની મંજૂરી આપે છે.

વધુ વિશિષ્ટ ક્લાઉડ વાતાવરણ પર આધાર રાખતા વ્યવસાયો માટે, કેનનનું વૈકલ્પિક ક્લાઉડ કનેક્ટર એડ-ઓન વિવિધ પ્લેટફોર્મ્સ પર સુરક્ષિત ઍક્સેસને સક્ષમ કરીને આ ક્ષમતાને વિસ્તૃત કરે છે. ક્લાઉડ કનેક્ટર સાથે, વપરાશકર્તાઓ ન્યૂનતમ સેટઅપ સાથે ફાઈલો પ્રિન્ટ કરી શકે છે અથવા સ્કેન કરેલા દસ્તાવેજોને તેમના મનપસંદ ક્લાઉડ સ્થળોએ સાચવી શકે છે.

કેનન પ્રિન્ટ અને પસંદ કરેલા મોબાઈલ એપ્લિકેશનો માટે સપોર્ટ સાથે મોબાઈલ પ્રિન્ટિંગ પણ સરળ બનાવવામાં આવ્યું છે, જે વપરાશકર્તાઓને તેમના સ્માર્ટફોન અને ટેબ્લેટથી સીધા પ્રિન્ટ કરવાની મંજૂરી આપે છે. ઉન્નત દસ્તાવેજ વ્યવસ્થાપન સુવિધાઓ વર્કફ્લોને વધુ સુવ્યવસ્થિત કરે છે અને દસ્તાવેજ રૂટીંગ અને આર્કાઈવિંગ જેવા કાર્યોને સ્વચાલિત કરીને ઉત્પાદકતામાં વધારો કરે છે.

**Steelco Gujarat Limited**

STEELCO GUJARAT LIMITED — ENGINEERED FOR EXCELLENCE

CIN No. : L27110GJ1989PLC011748

Registered Office : Plot No.2, G.I.D.C. Estate, National Highway No. 8, Palej - 392 220. Tel No. : 91-2642-277 479 / 480 / 481.

Email ID : sglbaroda@gmail.com Website : www.steelcogujarat.com

**NOTICE OF EXTRAORDINARY GENERAL MEETING AND E-VOTING INFORMATION**

1. NOTICE is hereby given pursuant to Rule 20 of the Companies (Management & Administration) Rules, 2014, that the Extraordinary General Meeting ("EGM") of the Shareholders of Steelco Gujarat Limited will be held on **Monday, 8th December, 2025 at 11:00 A.M. (IST)** through Video Conferencing ("VC") / Other Audio-Visual Means ("OAVM"), in compliance with various circular issued by the Ministry of Corporate Affairs ("MCA"), Government of India and Securities and Exchange Board of India ("SEBI") Regulations, to transact the business as contained in the Notice of the EGM.
2. The electronic copies of the Notice of the EGM have been sent to all the Shareholders whose email addresses are registered with the Company / Depository Participant(s) as on 7th November, 2025. A copy of the same is available on Company's website i.e. www.steelcogujarat.com, website of BSE Limited i.e. www.bseindia.com and on website of e-voting Agency i.e. https://instavote.linkintime.co.in/ .
3. Shareholders holding shares either in physical form or dematerialized form, as on the cut-off date i.e. Monday, 1st December, 2025, may cast their votes electronically on the business as set forth in the Notice of EGM through the electronic voting system of MUFG Intime India Pvt. Ltd.

   Shareholders are hereby further informed that :

   a) The business as set forth in the Notice of the EGM will be transacted through remote e-voting and e-voting at the EGM;

   b) The remote e-voting shall commence on **Friday, 5th December, 2025 at 9:00 a.m. (IST)** and conclude on **Sunday the 7th December, 2025 at 5.00 p.m. (IST)**;

   c) The cut-off date for determining the eligibility to vote by remote e-voting or by e-voting at the EGM shall be **Monday, 1st December, 2025**;

   d) Remote e-voting module will be disabled **after 5:00 p.m. (IST) on Sunday, 7th December, 2025**;

   e) Any person, who acquires shares of the Company and becomes a member post-dispatch of the Notice of the EGM and holds shares as on the e-voting cut-off, may obtain the login ID and password by sending a request at investor.helpdesk@in.mtms.mufg.com . However, if a person is already registered with MUFG Intime India Pvt. Ltd., for e-voting, then the existing user ID and password can be used for casting their vote;

   f) Shareholders may note that:

   i. The facility for e-voting will also be made available during the EGM, and those Shareholders present in the EGM through VC / OAVM, who have not cast their vote on the resolutions through remote e-voting and are otherwise not barred from doing so, shall be eligible to vote through the e-voting system at the EGM;

   ii. The Shareholders who have cast their votes by remote e-voting prior to the EGM may also attend the EGM but shall not be entitled to cast their votes again; and

   iii. Only persons whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date shall be entitled to avail the facility of remote e-voting or e-voting at the EGM.

   g) The manner of voting remotely for Shareholders holding shares in dematerialized mode, physical mode and for Shareholders who have not registered their email addresses is provided in the Notice of the EGM.

   Shareholders who are holding shares in dematerialised form and have not registered their email addresses are requested to register their email addresses with respective depository participant(s) and Shareholders holding shares in physical mode are requested to update their email addresses with Company's Registrar and Share Transfer Agent, MUFG Intime India Pvt. Ltd., at investor.helpdesk@in.mtms.mufg.com .
4. The Company has appointed Mr. Devesh Pathak (Membership no. 4559, COP No. 2306), Proprietor of M/s. Devesh Pathak & Associates, Practising Company Secretaries, Vadodara to act as a scrutinizer for e-voting / e-voting at EGM. The result of voting will be announced within two working days of conclusion of EGM and displayed on the Company's website at www.steelcogujarat.com and on the website of BSE Limited at www.bseindia.com.
5. In case shareholders/ members have any queries regarding login/ e-voting, they may send an email to investor.helpdesk@in.mtms.mufg.com or contact on: - Tel: 022-49186175.

For and on behalf of Board of Directors of
Steelco Gujarat Limited
Sd/-
ANOOP KUMAR SAXENA
Managing Director
(DIN : 10311727)

Place : Vadodara
Date : 14.11.2025

# આનંદ આશ્રમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા વેરાબર ગામ (તા. ઇડર, જિ. સાબરકાંઠા) ખાતે વસ્ત્રદાન કરવામાં આવ્યું

● વડોદરા, તા.૧૪

આનંદ આશ્રમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માનવ સેવા અંતર્ગત કપડાનું વસ્ત્રદાન આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટને મળેલા કપડા, રમકડાં , તથા ચપ્પલોનો સંગ્રહ સાબરકાંઠા જિલ્લામાં આવેલા વેરાબર ગામ (તા. ઈડર) ના ગરીબ અને વંચિત પરિવારોએ વિતરણ કરવામાં આવ્યો.



વડોદરા થી આશરે ૨૫૦ કિ.મી. દૂર આવેલા વેરાબર ગામના વંચિત ખેડૂત પરિવારોએ આ ઉપયોગી સામગ્રી મેળવી ખૂબ આનંદ વ્યક્ત કર્યો. ખાસ કરીને બાળકોને મળેલા રમકડાં લઈને તેમના ચહેરા પર ખુશી છલકાતી હતી. પરિજનો, બાળકો અને વૃદ્ધોએ કપડા, રમકડાં અને ચપ્પલો બદલ આનંદ આશ્રમ ચેરિટેબલ ટ્રસ્ટ નો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.

આ વસ્ત્રદાન કાર્યને સફળ બનાવવા રાસિકભાઈએ ઉત્તમ યોગદાન આપ્યું હતું. તેમની સેવાભાવના અને સક્રિય સહભાગિતાને ટ્રસ્ટ દ્વારા વિશેષ બિરદાવવામાં આવી.

**LACTOSE (INDIA) LIMITED**

CIN: L15201GJ1991PLC015186

રજીસ્ટર. ઓફિસ. : સર્વે નં.૫,૬ અને ૭એ, ગામ પોઇચા (રાણીયા), તાલુકા સાવલી, જિલ્લો વડોદરા, ગુજરાત - ૩૯૧૭૮૦.

વેબસાઇટ: www.lactoseindialimited.com, ઇમેઇલ આઈડી: lil@lactoseindialimited.com, ટેલિફોન: +91-22-46644333

**૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઅધિકૃત નાણાકીય પરિણામોના નિવેદનના અંશો**

(₹ લાખમાં )

| ક્રમ. નં. | ખાસ | ક્વાર્ટર સમાપ્ત | | | અર્ધ વર્ષ પૂરું | | વર્ષ પૂરું થયું |
|---|---|---|---|---|---|---|---|
| | | ૩૦-સપ્ટે-૨૫ (અનોડિટેડ) | ૩૦-જૂન-૨૫ (અનોડિટેડ) | ૩૦-સપ્ટે-૨૪ (અનોડિટેડ) | ૩૦-સપ્ટે-૨૫ (અનોડિટેડ) | ૩૦-સપ્ટે-૨૪ (અનોડિટેડ) | ૩૧-માર્ચ-૨૫ (ઓડિટેડ) |
| ૧ | કામગીરીમાંથી કુલ આવક (ચોખ્ખી) | ૪,૧૧૮.૧૩ | ૩,૯૫૭.૫૬ | ૩,૦૪૪.૭૨ | ૮,૦૭૫.૬૯ | ૫,૯૯૦.૯૯ | ૧૧,૬૩૯.૯૩ |
| ૨ | સામાન્ય પ્રવૃત્તિઓમાંથી સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (કર પહેલાં, અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ) | ૩૧૪.૪૪ | ૨૨૮.૮૭ | ૨૬૦.૭૧ | ૫૪૩.૩૦ | ૫૮૩.૫૧ | ૬૯૧.૭૮ |
| ૩ | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો/ (નુકસાન) (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | ૩૧૪.૪૪ | ૨૨૮.૮૭ | ૨૬૦.૭૧ | ૫૪૩.૩૦ | ૫૮૩.૫૧ | ૬૯૧.૭૮ |
| ૪ | સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) કર પછી (અપવાદરૂપ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી) | ૨૧૫.૮૮ | ૧૪૯.૮૬ | ૨૦૩.૨૮ | ૩૬૫.૭૩ | ૪૩૦.૨૪ | ૫૧૬.૨૯ |
| ૫ | સમયગાળો માટે કુલ વ્યાપક આવક [(સમયગાળો (કર પછી) માટે નફો અથવા (નુકસાન) અને અન્ય વ્યાપક આવક (કર પછી) નો સમાવેશ થાય છે)] | ૨૧૫.૮૮ | ૧૪૯.૮૬ | ૨૦૩.૨૮ | ૩૬૫.૭૩ | ૪૩૦.૨૪ | ૫૧૧.૫૫ |
| ૬ | ચુકવેલ ઇક્વિટી શેર મૂડી (પ્રતિ શેર રૂ. ૧૦/-) | ૧,૨૫૮.૯૦ | ૧,૨૫૮.૯૦ | ૧,૨૫૮.૯૦ | ૧,૨૫૮.૯૦ | ૧,૨૫૮.૯૦ | ૧,૨૫૮.૯૦ |
| ૭ | અનામત (પુનઃમૂલ્યાંકન અનામત સિવાય) | - | | - | - | - | - |
| ૮ | પ્રતિ શેર કમાણી (પ્રતિ રૂ. ૧૦/-) (ક્વાર્ટર માટે વાર્ષિક નથી) | | | | | | |
| | (A) મૂળભૂત | ૧.૭૧ | ૧.૧૯ | ૧.૬૧ | ૧.૭૧ | ૩.૪૨ | ૪.૧૦ |
| | (B) પાતળું | ૧.૬૭ | ૧.૧૬ | ૧.૬૧ | ૧.૬૭ | ૩.૪૨ | ૪.૦૬ |

નોંધો:

૧. ઉપરોક્ત SEBI (લિસ્ટિંગ અને અન્ય ડિસ્કલોઝર આવશ્યકતાઓ) નિયમન, ૨૦૧૫ ના નિયમન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ફાઈલ કરાયેલ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો અંશ છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે નાણાકીય પરિણામનું સંપૂર્ણ ફોર્મેટ www.bseindia.com અને www.lactoseindialimited.com પર ઉપલબ્ધ છે.

બોર્ડ માટે અને વતી
સંપાદન/-
મેનેજિંગ ડિરેક્ટર
અતુલ મહેશ્વરી
DIN: ૦૦૨૫૫૨૦૨

સ્થળ: મુંબઈ
તારીખ: ૧૩ નવેમ્બર, ૨૦૨૫

# નિયોજન કેમિકલ્સ લિમીટેડ (નિયોજન)એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના સમાપ્ત થતા ત્રિમાસિક અને છ મહિનાના ગાળાને અંતે સ્થિર નાણાંકીય પ્રદર્શન જાળવી રાખ્યુ છે

● મુંબઈ, તા.૧૪

નિયોજન કેમિકલ્સ લિમીટેડ (નિયોજન)એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના સમાપ્ત થતા ત્રિમાસિક અને છ મહિનાના ગાળાને અંતે સ્થિર નાણાંકીય પ્રદર્શન જાળવી રાખ્યુ છે. Q2FY26માં (સંયુક્ત) કંપનીની આવક વાર્ષિક ધોરણે ૮%ની વૃદ્ધિ સાથે રૂ. ૨૦૯ કરોડના સ્તરે છે, જે દહેજ પ્લાન્ટની બિનઉપલબ્ધિ હોવા છતાં ઓપરેશનલ સાતત્યતાનું પ્રતિબિંબ પાડે છે. જે સમગ્ર બેઝ બિઝનેસ અને ઓર્ગેનોલિથીયમ પોર્ટફોલિયોમાં ટકાઉ માંગ અને ઊંચા વોલ્યુમોને આભારી છે. નિયોજન આયોનિક્સની Q2FY26માં આવક રૂ. ૫.૪૨ કરોડના સ્તરે હતી.

Q2FY26 (સંયુક્ત) EBITDA રૂ. ૩૦ કરોડના સ્તરે હતી. જ્યારે કુલ નફો સ્થિર રહ્યો, ત્યારે EBITDA ટકાવારી કામગીરી સાથે જોડાયેલા પ્રોત્સાહનો, નવા લાંબા ગાળાના લાભો અને વ્યૂહાત્મક કર્મચારી ઉમેરાઓ દ્વારા સંચાલિત ઉચ્ચ કર્મચારી ખર્ચને કારણે મર્યાદિત હતી. તાજેતરની આગની ઘટના અને જોબ વર્ક/રૂપાંતરણ ખર્ચ પછી વીમા પ્રિમીયમમાં તીવ્ર વધારાને કારણે આની વધુ અસર થઈ હતી. દહેજ જીઈઢ ઓર્ગેનિક પ્લાન્ટમાં કામગીરી ફરી શરૂ થયા પછી નફા પર નુકસાન વીમા હેઠળ આવરી લેવામાં આવેલા ઉપરોક્ત કેટલાક ખર્ચનો દાવો નાણાકીય વર્ષ ૨૭માં કરવામાં આવશે.

Q2FY26 (સંયુક્ત)માં નિયોજનનો કર પછીનો નફો રૂ. ૩ કરોડ હતો. ઊંચા કાર્યકારી ખર્ચ ઉપરાંત, આગની ઘટના પછી ઈન્વેન્ટરી અને પ્લાન્ટના પુનઃનિર્માણ માટે ઉપયોગમાં લેવાતા મૂડીના વધતા નાણાકીય ખર્ચને કારણે પીએટી પર અસર પડી હતી. વધુમાં, આગના નુકસાન સામે વીમા ચુકવણી તરીકે દહેજ SEZમાં સતત રોકાણની રાહ જોવાઈ રહી છે. ઉપરાંત, ઈલેક્ટ્રોલાઈટ માંગ અને ઈલેક્ટ્રોલાઈટ મીઠા માટે અંતિમ મંજૂરીની રાહ જોવાઈ રહી હોવાથી નિયોજન આયોનિક્સમાં ચાલુ વિસ્તરણ પહેલ અને દહેજ પ્લાન્ટનો ઓછો ઉપયોગ થઈ રહ્યો છે.

સંયુક્ત શેરદીઠ કમાણી (EPS)ત્રિમાસિક ધોરણે શેરદીઠ રૂ. ૧.૨૮ (Q2FY25માં શેરદીઠ રૂ. ૪.૧૫) રહી હતી.

નોંધ:

Q2 FY26માં વૃદ્ધિની સરખામણી Q2 FY25ના બીજા ક્વાર્ટરમાં થતી વૃદ્ધિ સાથે કરવામાં આવી છે.

EBITDAમાં અન્ય આવકનો સમાવેશ થતો નથી. આગ પછી ઓપરેટિંગ અને વીમા ખર્ચમાં વધારો થવાને કારણે EBITDA ઓછો હતો, જેમાંથી કેટલાકને નફા પર નુકસાન નીતિ દ્વારા આવરી લેવામાં આવશે, જેનો દાવો નાણાકીય ઌરૂ ૨૭માં કરવામાં આવશે.

વૃદ્ધિ, પ્લાન્ટના પુનઃનિર્માણ અને ચાલુ રોકાણને ટેકો આપવા માટે એકત્ર કરાયેલા કામચલાઉ ભંડોળને કારણે ઊંચા વ્યાજ ખર્ચથી PAT પ્રભાવિત થયો હતો.

**INOX ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ**

CIN L૪૫૨૦૭GJ૨૦૧૨PLC૦૭૦૨૭૯

નોંધણી: સર્વે નં. ૧૮૩૭ અને ૧૮૩૪ મોજે જેતલપુર, ABS ટાવર્સ બીજો માળ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરા, ગુજરાત-૩૯૦૦૦૭

ફોન: ૦૨૬૫-૬૧૯૮૧૧૧; ફેક્સ: ૦૨૬૫-૨૩૧૦૩૧૨

ઈમેલ: investor@inoxgreen.com; વેબસાઈટ: www.inoxgreen.com

**૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનું નિવેદન**

૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને અર્ધ વર્ષ માટે અનઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો ("નાણાકીય પરિણામો") ની સમીક્ષા ઓડિટ સમિતિ દ્વારા કરવામાં આવી છે અને ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની સંબંધિત બેઠકમાં કંપનીના ડિરેક્ટર બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ્સ (**www.bseindia.com** અને **www.nseindia.com**) અને કંપનીના વેબપેજ (**https://www.inoxgreen.com/financial-results.html**) પર ઉપલબ્ધ છે અને નીચેના ક્વિક રિસ્પોન્સ કોડને સ્કેન કરીને પણ ઍક્સેસ કરી શકાય છે:

આઈનોક્સ ગ્રીન એનર્જી સર્વિસીસ લિમિટેડ માટે
સંસ્થા/-
મનોજ દીક્ષિત
સંપૂર્ણ સમયના ડિરેક્ટર

સ્થાન: નોઇડા
તારીખ: ૧૪ નવેમ્બર, ૨૦૨૫